[illegible] શ્રી ૧૦૦૮ મહારાજ શ્રી [illegible]

[illegible] મહારાજના શિષ્ય મની શ્રી

[illegible] વિજયજી વિરચિત.

મ[illegible]ળિમાળા.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

શાહ હીરાલાલ વર્ધમાન.

સંવત્ [illegible]

અમદાવાદ.

મુલ્ય અર્ધો આનો.

મુનીરાજ મહારાજ ૧૦૦૮ મહારાજ શ્રી
ગુલાબ વિજયજી મહારાજજીના શિષ્ય
મુનિ શ્રી મણિવિજયજી વિરચિત.

મણિમાળા.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

શાહ હીરાલાલ વર્ધમાન.

અમદાવાદ.

બીજી આવૃતિ. પ્રત ૧૦૦૦

"રાજસ્થાન છાપખાનું"—અમદાવાદ.

મુલ્ય અઢી આના.

[illegible]

[illegible] સર્વ હક [illegible] સ્વાધીન રાખ્યા છે.

श्री वीतराग स्तोत्रम्.

अनुष्टुपम्.

श्री वीतराग सर्वज्ञ, जिनेश परमेश्वर ॥
भगवन् त्रि जगन्नाथ॥ जय तीरर्कैं पारग ॥१॥
निश्चित्त विगत द्वेष ॥ जय निर्दंभा निर्मद ॥
निरीह निरहंकार ॥ करुणा रस सागर ॥२॥
जय निर्माय निर्मान ॥ कर्मारिकाविव र्जित ॥
निःसंग रंग गंभीर ॥ प्रभो निर्भय निर्भ्रम ॥३॥
अर्हन् तीर्थंकरः सिद्धो ॥ बोधिदोऽभयदोजिनः ॥
त्रिकाळ वेदी स्याद्वादी ॥ निर्ममोममनायकः ॥४॥
सुप्रभातं सुदिवसं ॥ कल्याणं मेद्य मंगलं ॥
यद्वीतराग दृष्टोसि ॥ त्रिजगलोक दिवाकरः ॥५॥
अद्य छिन्ना मोह पाशा ॥ अद्य रागादयो जिताः ॥
अद्य मोक्ष सुखं जातं ॥ अद्यतीर्णोभवार्णवः ॥६॥
मनः प्रसन्न संपन्नं ॥ नेत्रे पीयूष पूरीते ॥

अर्हस्नातः सुधाकुंडे ॥ जिनेंद्रतव दर्शने ॥७॥
स्नात्रंकृत्वा पूजयित्वा ॥ नत्वा स्तुत्वा जिनेश्वर ॥
परमात्म न्मयात्माद्य ॥ पुण्यपात्रं पवित्रितः ॥८॥
सुलब्धं मेघ मानुष्यं ॥ कृतार्थं मेघजीवितं ॥
धन्योस्मिकृतकृत्योस्मि ॥ यत्प्राप्तंजिनशासनं ॥९॥
त्वमेवदेव स्त्वं ज्ञाता ॥ त्वंतत्वं च जीवितं ॥
त्वंगतिस्त्वंमतिस्वामी ॥ श्री सर्वज्ञस्त्वमेवमे ॥१०
दिवारात्रौ सुखे दुःखे ॥ जीविते मरण भये ॥
भवंतु वीतरागस्य ॥ चरणाः शरणं मम ॥११॥
श्री वीतराग सर्वज्ञ ॥ त्वंमेजाना सिमाक्तनां ॥
निःकृत्रिमायदिभक्ति ॥ स्तत्प्रसादंविधेहिमे ॥१२॥
नाभ्यर्थयेस्वर्गसुखंनराज्यं ॥ मानुष्यकान्नैवचकामभोगान
भवांतरेपि त्वयिवीतराग ॥ सान्हादभक्तिर्ममकेवला
स्यात् ॥१३॥

इति श्री वीतराग स्तोत्रं संपूर्णम् .

મણિમાળા.

શ્રી જ્ઞાન ગુણ મંગલા ચરણમ.

ભારત જૈન સમાજ, મીલીયો ભારત જૈન સમાજ. એ રાગ.
પ્રણુમો જ્ઞાન વિશાલ, ભવીજન પ્રણુમો જ્ઞાન વિશાલ. એટેક
જ્ઞાન પ્રભાકરથી દૂર વિઘટે, મીથ્યા પ્રબલ અંધકાર. ભવી. ૧
કામ કુટિલતા ક્રોધ કલિમલ, કર્મ નિકંદન કાર. ભ ૨
વૈર વ્યસન વ્યાધિ વૈશ્વાનર, વાદ વિરોધક સાર. ભ ૩
લોભ લોલુપ્યતા લાલસા લીલા, લલના સંગ દલનાર. ભ ૪
મોહ માયા મદ માન મદોદ્ધત; માર વિટંબન હાર. ભ ૫
સંપત્ સત્ય સંયમ સુજનતા, સત્તા સુંદર દાતાર. ભ ૬
જ્ઞાન પઠનથી ગુણ અણુ પ્રભુતા, પ્રગટે અપરંપાર. ભ ૭
જ્ઞાન સુધારસ પાન કરીને, વર્તાવો જય જયકાર. ભ ૮
મણિ વિજય કહે પ્રેમે પ્રણુમો, સિદ્ધાંત મહા પરાવાર. ભ ૯

શ્રી રિષભ સ્વામી સ્તવનમ.

કામ છે દુષ્ટ વિકારી અહા પ્રભુ કામ છે દુષ્ટ વિકારી.
આશા ઓરી.
રિષભ જિણંદ જયકારી, અહો પ્રભુ રિષભ જિણંદ જયકારી.
એ આંકણી,
નાભિરાયા મારૂદેવીના નંદન, યુગલા. ધર્મ નિવારી. અહો ૧
સિદ્ધગિરિ ઇશ જગત ઉપકારી, ધોરી લંછન ધારી. અ ૨
જ્ઞાન ધ્યાનમાં તાન લગાવ્યું, ચ્યાર ચોરને મારી. અ ૩

ચરણ કરણ લય લીનતા તારી, વર્ણવતા, નાવે પારી. અ ૪
નાથ નિરંજન મદન ભંજન તું, મોહ મમત્વનો વારી. અ ૫
દેશના અમૃત ધારા સુણતા, ભવી તન મન સુખકારી. અ ૬
શશિ સમ શોભે સૌમ્યતા તારી, રવી સમ કાંતિ અપારી અ ૭
કદલી ગર્ભ સમ કોમલતા, કમલ સમ મૃદુતા ભારી. અ ૮
તુજ મુખ કમલે નયન હમારા, ચકોરવત રાચન હારી. અ ૯
કર્મ કલંકને દૂર નિવારી, વરીયા તમે શીવ નારી. અ ૧૦
જાગૃત થઇ સુખ લેશ્યા માહારી, હું પામ્યો શેવા તારી. અ ૧૧
દિન દલિલ આ ઉરમાં ધારી, સેવક કરો અવિકારી. અ ૧૨
વિજય ગુલાલનો મણિ કહે મને, ઉતારો ભવ પારી. અ ૧૩

શ્રી અજિતનાથજી સ્તવનમ્.

રાગ ક્ષત્રી કલંકનો.

હે અજિત જિનેશ્વર દેવ, જગત ઉપગારી પ્રભુરે. ૧
ભવી સુરનર સારે તુજ સેવ, જગત. ૨
કર્મ શત્રુ કર્યા તેં ચુર, જગત. ૩
મારી મોહને કાઢયો દૂર, જગત. ૪
રાગ ત્યજી થયા વીતરાગ, જગત. ૫
પ્રભુ દિલમાં દયા અથાગ, જગત. ૬
હવે કર સેવકની સાર, જગત. ૭
બાંહે ગ્રહીને પાર ઉતાર, જગત. ૮

તુજ ચરણ કમલમાં ભ્રમર, જગત. ૯
વિજય ગુલાલને કરો અમર, જગત. ૧૦
મણિ વિજય કહે કરજોડી, જગત. ૧૧
નાથ તારો મને મદ મોડી, જગત- ૧૨.

શ્રી સંભવનાથજી સ્તવનમ.

ભુલ્યો મન ભમરા તું કયાં ભમ્યો. એ રાગ.

શ્રી સંભવ જિન સેવીયે, આણી ઉલટ અંગ.
સફલ થાય મન કામના, વ્યાપે પુન્ય અભંગ. શ્રી સં. ૧
સેવાથી સુખ સંપજે, જાયે દાલિદ્ર દૂર.
તાપ ટલે હો, ભવ તણા, વાધે નિત્ય નિત્ય નૂર, શ્રી સં. ૨
શુદ્ધ સમ્યક્ત્વ પામીયે, સંભવનાથ પસાય.
મિથ્યા તિમિર નિવારીયે, પાપ દૂરે પલાય. શ્રી સં. ૩
સંભવ સ્વામી સુખ કરો, વારો દુર્ગતિ ફંદ.
તુજ પદકજની સેવના, કલ્પતરૂ કેરો કંદ. શ્રી સં. ૪
વિજય ગુલાલને તા ન ધરજ્યો હૃદય મોઝા-
રમણિ વિજયની [illegible] તે એ છે વારંવાર. શ્રી સં. ૫

શ્રી અભિનંદન સ્વામી સ્તવનમ.

આવ્ય વસંત બહારરે પ્રભુ બેઠા મગનરે. એ રાગ.

અભિનંદન જિન સ્વામીરે, મને પાર ઉતારો, (૨) એ ટેક.
બાર ગુણે કરી તુજ તનુ સોહે, મોહ મદ દાતારરે. મ. ૧

જ્ઞાન દર્શન તુજ અનંત છે, ચરણ તણો નહિ પારરે. મ ૨
મહા ગોપ મહા મહણા તું છે, અતિશય રિદ્ધિ ધારરે. મ ૩
અવગુણ મ્હારા દુર કરીને, આપો પદ નિરાકારરે. મ ૪
વિજય ગુલાબનો સેવક મણિની વિનતડી સ્વીકારરે. મ ૫

શ્રી સુમતિનાથજી સ્તવનમ્.

શું નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યા. એ રાગ.

શ્રી સુમતિ જિણંદ ચંદ વ્યાપી રહ્યો, વ્યાપી રહ્યો દુઃખ
કાપી રહ્યા. શ્રી.

સાખી.

સુમતિ તણા ભંડાર હે, સુમતિ નાથ દયાલ,
કુમતિ મ્હારી કાપીને, સુમતિ આપ વિશાલ.
મૂર્તિ મોહનવેલી તાહારી જિણંદજી, દેખત મુજ મન
હર્ષ ભયો, વ્યા. શ્રી.

સાખી.

અવિનાશી અકલંક તું, અવિચલ સુખની ખાણ,
ભાવે જે સમરે તને, તે પામે કેવલ નાણ,
તાહારા ગુણગુણનો નહિ પાર અહો કોઇ પામેરે, જે ધરે
તાહારૂં ધ્યાન તે દુઃખ વામેરે. વ્યા. શ્રી.

સાખી.

અજરામર પદવી લહી, તાર્યા મુનીજન વૃંદ,
ભવ ભ્રમણ દૂરે કરી, કાટો કર્મનો ફંદ.

મુજમન મંદિરે પધારો શ્રી જિણંદજી, મણિ વિજય
જાપ જાપી રહો. વ્યા. શ્રી.

શ્રી પદમ પ્રભુજી સ્તવનમ્.

પામ્યો પામ્યો પદમણિ આવી હો, જાણો તેની સફળ
જીંદગાની. એ રાગ.

સેવો સેવો પદમ પ્રભુ જ્ઞાની હો, ભવી થાયે સફળ
જીંદગાની. એ ટેક.

કેશર ચંદને પૂજા કરીયેરે, અગર ઉખેવીને ધુપજ ધરીયે.
ઠવીયે માલા મુકતાની હો, ભવી સેવો. ૧

પ્રભુજી આગે પૂજા ભણાવો, પૂજા ભણાવીને ભાવના ભાવો,
ગાન કરો ગુલતાની હો. ભવી સેવો ૨

નર્ક નિગોદમાં બહુ ભવ ભમીયો, લક્ષ ચોરાશી જેવા
યોનીમાં ફલીયો,

પ્રભુજી મલ્યા ગુણખાની હો, ભવી. સેવો. ૩

સેવકના સર્વે સંકટ કાપો, વિજય ગુલાબને મુકિત આપો.
નમે મણિ ચિત્ત હાની હો, ભવી. સેવો. ૪

શ્રી સુપાર્શ્વનાથજી સ્તવનમ્.

રાગ બનજારો.

આહા સુંદર શી છબી તારી, શ્રી સુપાર્શ્વ જિણંદ
મનોહારી. એ ટેક.

તુજ ચોત્રિશ અતિશય છાજે, ગુણ પાંત્રીશવાણીયે ગાજેરે.
તુજ અદ્ભુત કાંતિ સારી, શ્રી. આહા. ૧
પ્રભુ આંખડી કામણગારી, અતિ હર્ષને ઉપજાવનારીરે.
સંસારને છેદનકારી, શ્રી. આહા ૨
પ્રભુ માયામાં મનડું લાગ્યું, મ્હારૂં દુઃખડું ભાંગ્યુંરે.
હું ભક્તિ કરૂં નિત્ય તારી, શ્રી. આહા ૩
હું વિષિયા રસ માંહિ રાચ્યો, આઠે મદ માંહિ માચ્યોરે.
આવ્યો શરણે લ્યો ઉગારી, શ્રી આહા. ૪
તુજ પદપંકજ સેવા પામી, વિજય ગુલાબ સવી દુઃખ વામીરે
મણિ વિજયને આનંદ ભારી, શ્રી. આહા. ૫

શ્રી ચંદ્ર પ્રભુ સ્તવનમ્.

દર્શન તાગ દ્રષ્ટિમાં મન મોહન મેરે—એ રાગ.

ચંદ્ર પ્રભુ જિન સાહિબા, મન મોહન મેરે.
તુજ સમ અવર ન હોય. મન મોહન મેરે.
ગુણ અનંતા અનંત છે, મન મોહન મેરે.
મુજ મન અચરિજ હોય. મન મોહન મેરે. ૧
સુંદર અમૃત પાનની; મન મોહન મેરે.
જેહને પિયાસા હોય. મન મોહન મેરે.
તે નવિ રાચે મોહથી; મન મોહન મેરે.
તુચ્છ ઉદકને જોય. મન મોહન મેરે. ૨

મધુકર અતિ આનંદથી; મન મોહન મેરે.
આણે મકરંદ સ્વાદ. મન મોહન મેરે.
તુજ મુખ કમળે પ્રેમથી; મન મોહન મેરે.
નયન કરે મમ વાદ. મન મોહન મેરે. ૩
અવર દેવ માનું નહિ; મન મોહન મેરે.
તાહરૂં વચન પ્રમાણ. મન મોહન મેરે.
વાસ કરો મ્હારા ઉરમાં; મન મોહન મેરે.
પામુ ગુણ મણિ ખાણ. મન મોહન મેરે. ૪
કૃપા કરો મુજ ઉપરે; મન મોહન મેરે.
દ્યો દર્શન પ્રભુ આજ. મન મોહન મેરે.
ગુણી ગુલાબના બાગની; મન મોહન મેરે.
રાખો મણિની લાજ. મન મોહન મેરે. ૫

શ્રી સુવિધિનાથ સ્તવનમ્.

જ્ઞાનીના વચણથી જ્યારે બહેની—એ રાગ.

સુવિધિ જિનેશ્વર સાહેબ વંદો, અનુભવ રસનો કંદોરે;
જગજીવન સ્વામી. ૧
રાજ્ય રિદ્ધિ રમણી સુખ ત્યાગી લય વૈરાગ્ય શું લાગીરે.
જગજીવન સ્વામી. ૨
અવર દેવ રામાવશ રમીયા તેતો ભવ અટવીમાં ભમીયારે.
જગજીવન સ્વામી. ૩

વિષયને વારી કેવળ વરીયા અનંત ચતુષ્ટયી ભરીયારે.
જગજીવન સ્વામી. ૪
ગુણ ગિરૂવા શિવ સાધક રસીયા ક્ષણ ક્ષણ મુજ મન વસીયારે.
જગજીવન સ્વામી. ૫
અગ્ય અવ્યાબાધ સૂખ ભોગી અચલ બેઠા થઈ જોગીરે.
જગજીવન સ્વામી. ૬
વિજય ગુણરામ ચરણાંમાં લીનો મણિ તુજ ભક્તિ ભીનોરે.
જગજીવન સ્વામી. ૭

શ્રી શીતલનાથ સ્તવનમ.

પાસજી પાસજી પાસજીરે, વારી જાઉ ચિંતામણિ
પાસજી,—એ રાગ.

વંદના વંદના વંદનારે, શીતલનાથને સદા કરૂં વંદના,
વંદના પાપ નિકંદનારે, શીતલ. એ ટેક

સુરા સુરના અગણિત વૃંદો, પ્રભુ ગુણ મુખરિત આનનારે,
શીતલનાથ. ૧

અષ્ટ મહાસિદ્ધિ દાયક નાયક લાયક ભવભય ભંજનારે,
શીતલનાથ. ર

પ્રગટે નવનિધિ સિદ્ધિ પ્રગટે, દુરિત દોષ વિધ્વંસનારે,
શીતલનાથ. ૩

ત્રણુ જગત પ્રભુ નામ જપંતા, કાટે કલિમલ ફંદનારે,
શીતલનાથ. ૪
ગુણગ્રામી ગુલાબનો સેવક, નમે મણિ ભરી આનંદનારે
શીતલનાથ ૫

શ્રી શ્રેયાંસનાથજી સ્તવનમ્.

આનંદ કંદ પૂજતાં જિનંદચંદ હું—એ રાગ.

શ્રેયાંસનાથ પ્યારથી હું વિનવું તને, અર્જ મેરી દિલ ધારી
તારજ્યો મને, એ ટેક.
નિર્મલ પરમ ધરમ શર્મ શીવ સુખ કંદ, જિનંદ ચંદ ઇશ
હાર દુરિત દુઃખ દંદ, શ્રે. ૧
મિલિ ચોસઠ ઇંદ્ર વંદ પુજે દિલરંગ, કર્મ ભર્મ નર્મ
ત્યજી સાધ્યું શીવ સંગ, શ્રે. ૨
હરિ વિરંચી ઇશને સેવે છે મુર્ખ જન, અજ્ઞાની જ્ઞાનસે રહિત
દુર્ગતિ પડન, શ્રે. ૩
અર્ધ શશી સમાન ભાલ ભાગ્ય ધાર તું, વિશદ વર્ણ વિગ્રહ
પ્રભુ માર માર તું, શ્રે. ૪
વિપુલ આપદ નિકર નિવારનાર તું, કોટિલ્યતા કુમાર્ગ કાલ
કાપનાર તું, શ્રે. ૫
અનાથતાના કષ્ટથી ચતુર્ગતિ ફરૂ, ઝટપટ કર સનાથતો
ભવોદધિ તરૂ, શ્રે. ૬

વિજય ગુલાબ સેવક મણિ ધરી આનંદ, નિશદિન ધ્યાન
તાનથી પામશે પરમાનંદ, શ્રે. ૭

શ્રી વાસુપૂજ્ય સ્વામી સ્તવનમ્.

મ્હારારે સ્વામી મ્હારાથી છોટા—એ રાગ.

મ્હારારે સ્વામી વાસુપૂજય બોલો, સન્મુખ એકવાર નયણા
ખોલો, મ્હારા. એ આંકણી.

અનોપમ આંગી બની સારી દેખનકુ આવે નરનારી, મ. ૧
ચંપક ચંબેલી જાઇ સોહે, ગુલાબ મોગરથી મન મોહે, મ. ૨
કેતકી મરૂક અરવિંદો, માલતી પરમાનંદ કંદો, મ. ૩
મહકે મચકુંદ જુઇ વેલી, સુગંધી વરસે અતિ રેલી, મ. ૪
મૃદંગ વીણા તાળ ધ્વજ વાજે, ગગનમાં જેમ ઘનઘટ ગાજે મ. ૫
મનહર દેદાર દેખી આજ ગુલાબના સફલ થયા કાજ, મ. ૬
મુજમન મંદિરે વસજો મણિના કર્મ રિપુ કસજો, મ. ૭

શ્રી વિમલનાથજી સ્તવનમ્.

તારો તારો સિદ્ધગિરિ, મને તારો રે. એ રાગ.

તારો તારો વિમલ જિન તારોરે, (૨) મ્હારા આવાગમન
નિવારોરે, તારો એ આંકણી.

પુરણ બ્રહ્મ ચિદાનંદ દેવા, દ્યો શીવસુખના મેવારે, તારો. ૧
નાથ રંગીલા છેલ છબીલા, લટકાલા મન મોહનરે, તારો. ૨
અનુભવ ઉદધિ ઉદક અપારા, વિમલ શાસન જયકારારે, તારો. ૩

નિર્વીકલ્પ પરમ ઉપગારી, વિમલ વિમલતા તારીરે, તારો. ૪
વિમલનાથ વિમલગતિ વાસી, દાસ કરો ન નિરાશીરે, તારો. ૫
વિમલ કરવા વિજય ગુલાબને, મણિ જોડે છે હાથરે, તારો. ૬
પૂરણુતા પ્રગટાવી પ્રભુજી, આપો શીવસંગ સાથરે, તારો. ૭

શ્રી અનંત નાથજી સ્તવનમ.

લલિત છંદ.

અનંત જિન ગુણુ આમરી ગણુ સ્તવે,
નીજ વિતકની વાત કહું હવે, ૧
અનંત ગુણી પ્રભુ પ્રભુતા વરી,
રઝલતો મને મુકીને હરિ, ૨
અનંત કાલ હું નિગોદમાં રહયો,
કર્મથી અરે કષ્ટ મેં સહ્યો, ૩
અનંત વેદના ક્ષય હું કરી,
એક દ્વિ તિ ચતુ પામીયો ફરી, ૪
અનંત કાલ હું સ્થાવરે વસ્યો;
પાપ પિંડથી નર્કમાં ધસ્યો. ૫
અકામ નિર્જરા ઉર્ધ્વ આવીયો,
તિરિ પંચેંદ્રિમાં જન્મ ગુમાવીયો. ૬
દુષ્ટ કર્મથી કરી જીવ ઘાતરે,
પુનઃ મેં કર્યો કુગતિ સાથરે, ૭

ભૃંગ કીટના ન્યાયથી અરે,
મનુષ્ય જન્મ હું પામીયો ખરે, ૮
પુન્ય ઉદય હુવો આજ માહરો,
દેખીયો પ્રભુ દેદાર તાહરો; ૯
જન્મ મરણની વેદના વારરે,
કોરી કરણી પ્રભુ મને તાર તારરે, ૧૦
વિજય શુલાબનો કિંકર ભણિ,
ચરણ સેવના માગે છે ઘણી, ૧૧

શ્રી ધર્મનાથજી સ્તવનમ્.

પ્રભુ હઠીને સદા નમુ મેં હાથ જોડ કે સાથ.—એ રાગ

ધર્મનાથજી ધ્યાન લગાવ્યું, ધર્મ ધ્યાનમાં આજ,
દુષ્કૃત દુરિત દૂરે ગયું, વળી સફલ થયું નિજ કાજ; ૧
ધર્મ ધોરી ધર્મ સેવના, ધર્મધ્વજ ધર્મપૂર,
મિથ્યા તિમિર નિવારવા, જેમ પ્રાતઃકાલનો સૂર. ૨
મુજમન મંદિરે ફલ્યો, પ્રભુ ધર્મનાથ સુરરક્ષ,
રાગ વારી છાંટી કરીને, છાંડુ કરણનું લક્ષ. ૩
દર્શન વિના પ્રભુ તાહરા મહારૂ મનડું કંપે હાય,
કર કરૂણા મુજ ઉપરે, તો શોક સંતાપ ન થાય. ૪
સિદ્ધ બુદ્ધ તુજ રટનમાં, સુલાબ રહે ઉજમાલ,
મુનિની આશા પૂર્ણ કરીને, કાપો જમ જંજાલ. ૫

શ્રી શાંતિનાથજી સ્તવનમ્.

હે મુનિ સુવ્રત ભગવાન કહુ તુજને—એ રાગ.

હે શાંતિ જિનેશ્વર દેવ નમુ તુજને એ ટેક.
તુજ મૂર્તિ મોહનગારી; તુજ વાણી અતિરૂડી રસાલી;
ભવી પ્રાણિને સુખકાર, નમુ. હે. ૧
તુજ મસ્તકે મુકુટ જલકે, કાને કુંડલ જલહલકે,
પૂઠે ભામંડલ સાર; નમુ. હે. ૨
તુજ કંઠે મોતીની માલા, બાંહે બાજુબંધ વિશાલા;
ધર્યું શ્રીફલ બીજોરૂ હાથ, નમુ. હે. ૩
પ્રભુ તું મુજ પ્રાણ આધાર, મહારા દુષ્ટ કર્મ નિવાર,
એમ વિનવે ગુલાબનો બાલ નમુ. હે. ૪

શ્રી કુંથુનાથજી સ્તવનમ્.

ક્યાંથી આ સંભળાય મધુર સ્વર—એ રાગ.

કુંથુજિન વિનવેછે આ બાલ (૨) નજર નાખી નીહાલ
કુંથુ એ ટેક.
રાત્ર દિવસ હું મદમાં માતો, નહિ શુદ્ધ બુદ્ધ લગાર;
કુંથુ ચિંતામણિ છાંડીનેરે, કાચ શકલ શું પ્યાર, કું ૧
પાપ મેઘ મસ્તક ગર્જારવ, કરે છે અપરંપાર,
ઘેર્યો કર્મે વિટંબનાયે, કોની આગલ કરૂં પોકાર; કું ૨

અસાર આ સંસાર શેરીમાં, ભુલો પડયો હું ગમાર;
હસ્તાવલંબન આપીને પ્રભુ, કર માહરો ઉદ્ધાર. કું ૩
તેહીજ નરને ધન્ય છેરે, ધન્ય તેહનો અવતાર,
ધન્ય ધન્ય તેના નેત્રનેરે, જેણે દેખ્યો તુજ દેદાર, કું ૪
આશ કરીને આવીયો હું, સ્વામી તુમારા પાસ;
વિજય ગુલાબ તારી કરીરે, મણિ કરો અવિનાશ. કું ૫

શ્રીઅરનાથજી સ્તવનમ્.

લલિત છંદ.

અરવિભુ પ્રભુ દયાલુ દેવરે, કૃપા કરી મમ વાર કુટેવરે; ૧
છિદ્ર અવરના જોતો હું ફરૂં, નિંદા કરતા લવલેશ ના ડરૂં ૨
જીવ વધ કરી અનૃતમાં રમ્યો, પરધન હરી, પાપમાં ભમ્યો. ૩
વિષય વાસમાં મનડું લાગીયું, સુખરૂપી મહારૂ વૃક્ષ ભાંગીયું. ૪
પરિગ્રહ ગૃહી કુટિલતા લહી, મૃત્યુયે મને ગ્રહ્યો હાય સહી. ૫
ભક્ષાભક્ષ કરી દેહ પોષીયો, પુન્ય સમુદ્રને અરર શોષીયો; ૬
મોહજાલમાં અરતિ વશ મતિ, અરર માહરી શી થશે ગતિ; ૭
અવગુણ માહરા કેટલા કહુ, સર્વ આતે તું જાણે છે સહુ, ૮
અવગુણી ગણી દૂર જો કરીશ, ભવ અકૂપારને કેમ હું તરીશ; ૯
આત્મના આધાર શરણે આવીયો; ગુલાબ ઉરમાં તુંહીજ ભાવીયો ૧૦
કટાક્ષ પાત એક વારજો હુવે, વેગે જઇ મણિ મોક્ષને જુવે; ૧૧

શ્રી મલ્લીનાથજી સ્તવનમ્.

રાગ ધનાશ્રી.

મલ્લી જિનેશ્વર દેવ; સેવો તમે મલ્લી જિનેશ્વર દેવ, એ ટેક
મલ્લી જિનની સેવા કરીને; મુક્તિ વરો તતખેવ; સેવો ૧
ભોયણી મંડન આપ બીરાજો, પ્રણમે ભવીક અહમેવ, સેવો ૨
અનેક દેશના યાત્રાળુ આવે, અઘ ઓઘ ટાલે ક્ષણમેવ, સેવો ૩
ઇંદ્ર નરેંદ્ર નાગેંદ્ર સુરાસર, નિત્ય કરે તુજ સેવ; સેવો ૪
અશરણ શરણ ભવ ભય હરણ, જગ તારણ જગદેવ, સેવો ૫
ભવભય ભંજન કર્મ નિકંદન, નેત્રાનંદ ત્વમેવ; સેવો ૬
ત્રિજગ મંડન ભવ્ય આનંદન, મોહ ભંજન તું દેવ, સેવો ૭
આધિ વ્યાધિ ઉપાધિ જલોદર, જવલન તસ્કર ભય એવ, સેવો ૮
દ્વિરદ કેસરી મારી ભુજંગમ; નષ્ટ કરણ તું દેવ, સેવો ૯
પ્રભુ તુજ ગુણગણ ગંગાજલમાં, પાતિક ન રહે રેહ, સેવો ૧૦
વિજય ગુલાબનો મણિ માગે છે, નિત્ય સેવાની હેવ, સેવો ૧૧

શ્રી મુનિ સુવ્રત સ્વામી સ્તવનમ્.

મહરા શ્રી ચિંતામણી પાસરે મેં વારીજી ન રાજ. એ રાગ.

માહ.

મહારા મુનિ સુવ્રત ભગવાનરે, કર્મ કાપો તોસહી, (૨) એ ટેક
ચિંતામણી તું ચિંતિત દાતા, ત્રાતા જગત આધાર,
મારી વારણ શુભગતિ કારણ, ધારક જ્ઞાન અપારરે, કર્મ મહા ૧

કલ્પવૃક્ષ કલ્પવેલી સુંદર, કામઘટ મનોહાર,
ચઉગતિ ચૂરણ ઇચ્છિત પૂરણ, શીવ સુંદરી ભરથારરે કર્મ. મહા ૨
પ્રભુ મૂર્તિ સુધા કુંડમાંરે, સ્નાન કરી નિરધાર,
કર્મ કઠીનતા ક્ષીણ કરીને, વેગે લહુ ભવપારરે, કર્મ. મહા ૩
કૃપા કરી સંભારજ્યોરે, વિસરો નહિ વિભુતાત,
નીજ કરૂણાની લહેરથી, મ્હારા કર્મ થશે સવીઘાતરે; ક. મહા ૪
સુખ આપી સુખી કરોરે, વિજય કમલ દયાલ,
મણિ વિજયની વિનતિ, તહારા હૈયામાં વસજો હાલરે. ક. મહા ૫

શ્રી નમિનાથજી સ્તવનમ.

રંગેનાચતાં પ્રભુજી આગે લાજને આણો—એ રાગ. ૧
નમો નેહ ધરી નમિ નાથનેરે, નમિનાથનેરે, જોડી હાથનેરે
નમન કરંતા પાતીક હરીયે, કેવલ કમલા વરીયેરે નમો. ૨
શાંત સુધારસ ઉપશમ ઠરીયો, ક્ષાયિક સમકિત વરીયોરે, નમો. ૩
પરમ પ્રભાવી પરમ પદ પાયો, જગ જસવાદ ગવાયોરે. નમો. ૪
પ્રભુ દર્શનથી દર્શન પ્રગટે, ભૂલ અનાદિની વિઘટેરે નમો. ૫
જન્મ જીવિતવ્ય કૃતાર્થ થયું મ્હારૂં, હું પામ્યો શાસન
તહારૂરે, નમો. ૬
વિજય ગુલાબ પદ પદ્મ પસાયે, વિઘ્ન મણિના દૂર
જાયેરે. નમો. ૭

શ્રી નેમનાથજી સ્તવનમ.

શિખવજીરે અર્જ કરૂ તે સ્વીકારો—એ રાગ.

નેમનાથજીરે સુણજો અંતરજામી, એક વાત કહુ
શીરનામી—એ ટેક.

માતા શિવા દેવીના જાયારે, પિતા સમુદ્ર વિજય કુલ આયારે
પ્રભુ મહારારે ત્રણ ભુવનના સ્વામી; એક ૧
પાણિ પિડનને નિવારેરે કામ મત્ત અનેકપ મારેરે;
વૈરાગીરે રાજેમતીને વામી. એક ૨
પ્રભુ ચડીયા ગઢ ગિરનારેરે, તીહાં પંચ મહાવ્રત ધારેરે;
રહ્યા ધ્યાનેરે કાઉસ્સગ્ગ મુદ્રા પામી, એક ૩
લેશ્યા શુકલ ધ્યાનાગ્નિ જવાલેરે, ઘનઘાતી ચ્યારને બાલેરે.
દમિતારીરે શીવ રમણીના કામી, એક ૪
લહ્યુ લોકાલોક પ્રકાશીરે, જ્ઞાન કેવલ સંશય નાશીરે,
મલી ઇંદ્રોરે ઉત્સવ કરે શીર નામી, એક ૫
મહારા દુઃખ દોહગને ચૂરોરે, મહારા મન વાંછિત સવી પૂરોરે,
એમ જાણીરે ચરણ તુમારા પામી. એક ૬
તુમે અલખ અગોચર અકામીરે, અકલેશ્વર અંતર જામીરે.
ભવતારણરે શીવરમણી તુમે પામી. એક ૭
જેમ રાજુલ રાણી તારીરે, પ્રભુ મુક્તિ પુરી શણગારીરે.
તેમ તારોરે ગુલાબ મણિ ગુણ ધામી, એક ૮

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી સ્તવનમ.

રાગ ભરથરી.

શ્રી ચિંતામણિ પાસજી, અરજ કરૂં એક તુજજી.
મુજ સેવકની વિનતિ, ધારી દુઃખ કરો દૂરજી. શ્રી. ૧
નયરી વણારશીયે થયા, અશ્વસેન મહારાયજી;
વામા રાણી કુખે ઉપન્યા, ત્રિભુવન જગદાધારજી શ્રી. ૨
ભવ અનંતા હું ભમ્યો, પણ નવી મલીયો નાથજી,
એમ અનંત કાલે કરી, પામ્યો ચિંતામણિ હાથજી. શ્રી. ૩
હાથ ચિંતામણિ પામીયો, વલી સદ્‌ગુરૂનો જોગજી.
દુષ્ટ બુદ્ધિ દૂરે કરી, પામ્યો, સુમતિનો બોધજી. શ્રી. ૪
વિજય ગુલાબ મહારાજનો, દાસ મણિ કહેવાયજી,
તેહના કષ્ટ દુરે કરી, આપો પદ નિરવાણજી. શ્રી ૫

શ્રી મહાવીર સ્વામી સ્તવનમ.

રાગ પુનમ ચાંદની.

ચાલો જઇયે રહીયે ક્ષત્રીકુંડમાંરે, તીંહાં જનમ્યા
શ્રી મહાવીર,
ભવીજન આવો આપણ ઓચ્છવ ગાઇયે વીરમાંરે, એ ટેક.

સાખી.

અશાડ શુદી છઠ દિને, ચવીયા પ્રાણત વિમાન;
ચૈત્ર શુદી તેરશે દિને જનમ્યા યુગ પ્રધાન.

માતા ત્રિશલા કુખે ઉપન્યારે પિતા સિધ્ધારથ નૃપ
સોહાય. ભવી ૧

સાખી.

ઇંદ્ર સિંહાસન કંપથી, અવધિ જુયે સુરરાય,
જન્મ પ્રભુનો જાણીને, આણંદ અંગ ન માય:
તવ હુરણુ ગમે ષી દેવતારે, તીંહાં ઘંટ વગડાવે સાર.
ભવી. ૨

સાખી

શક્રુશક્રી ટોલે મલી, સુતિકા ઘર મોજાર,
શ્રીમહાવીર પ્રભુજીને, મેરૂ શિખર લઈ જાય.
તીંહાં ઇંદ્ર વૃષભ રૂપે કરીરે પ્રભુને નવણુ કરાવે સાર. ભવી. ૩

સાખી.

છપ્પન્ન દિગ કુમરી મીલી, ગાવે ગીત રસાલ,
પ્રભુજી આગે નાચતી, વિવિધ વિવિધ પ્રકાર,
પાયે રણુજણુ ઝાંઝર ઝમકાવતીરે, હસંતી ફરતી દેતી
દેતી તાલી હાથ. ભવી. ૪

સાખી.

મેરૂ શિખરની ઉપરે, ઉત્સવ કરી બહુ પેર;
વર્દ્ધમાન સ્વામીજીને સોંપ્યા ત્રીશલા ઘેર.

પુરોહિત બહુ વિધ, સ્તુતિ કરી વીરનીરે, ગુણ ગાતાં
જાયે નીજ ધામ; ભવી. ૫

સાખી.

જગ બાંધવ જગ ભાણુ હે, જગત દયાલ કૃપાલ;
સેવકની સુણી વિનતિ, ભવજલ પાર ઉતાર.
દાદા મહેર કરીને શિવસુંદરી વરાવજયોરે, એમ વિનવે
ગુલાબનો બાલ ભવી. ૬

ઇતિ ચતુર્વિંશતિકા સંપુર્ણ:



કળશ.

ગાયો ગાયોરે ચોવીશે જિનવર ગાયો. એ ટેક.
ક્ષમાસાગર મહાધ્યાન ધુરંધર, બુદ્ધિ વિજય ગુરૂરાયો,
શાંત દાંત શમતા રસ ધારી, મોહ મદ માન હઠાયોરે,
ચોવીશે. ૧.
તસ પટ્ટે મહાસંત ચૂડામણી, મુકિતવિજય ગુણિરાયો
જ્ઞાન દિવાકર પ્રકટ પ્રભાયે, મિથ્યા તિમિર હરાયોરે,
ચોવીશે. ૨.
તસ પદકજ મધુકર પરે લીનો, ગુલાબ વિજય મુનિરાયો,
ચરણ કરણ લયલીનતા પામી, જ્ઞાન ધ્યાનમાં સવાયોરે,
ચોવીશે. ૩.
તસ પદ કિંકર મણિ વિજયે શુભ ભાવે વિરચાયો,
ઉલટ અંગ ધરી ઉછરંગે, સ્તવન એહ બનાયોરે, ચોવીશે. ૪
સંવત ઓગણીશે ચોસઠ માંહે, ચૈત્ર માસ સુહાયો,
વદી ચોકસ દિન પૂર્ણ કરાયો, વઢવાણ કાંપે ગવાયોરે,
ચોવીશે. ૫.

શ્રી નાસીક મંડન કલ્યાણિક પાર્શ્વનાથજી સ્તવનમ્.

ભરતને પાટે ભુપતિરે એ રાગ.

કલ્યાણિક પ્રભુ પાસજીરે, ઉપગારી અરિહંત સલુણા.
કૃપાસિંધુ કૃપાનિધિરે, જયકારી ભગવંત સલુણા. ૧

મુખ મટકે મોહી રહ્યોરે, અસુર સુરેન્દ્ર લોક, સલુણા.
લળી લળી લીયે લુછણાંરે, ઇંદ્રાણી મલી સ્થોક, સલુણા. ૨.
પંચેદ્રિયના વિષયમાંરે, તું નહિ રાચ્યો લગાર, સલુણા.
શીવરમણીના વાલહારે, તુજ ગુણ અપરંપાર, સલુણા ૩.
પાપ ચકૂ દૂરે ગયારે, જાગ્યા પુન અંકુર, સલુણા.
અવિનાશી સુખ પામવારે, આવ્યો તુમ હજુર, સલુણા. ૪.
ભવ્ય સમુહે સેવીયોરે, કલ્યાણિક કલ્પ વૃક્ષ, સલુણા.
વિજય ગુલાબ પ્રસાદથીરે, ભેટયો આજ પ્રત્યક્ષ સલુણા ૫

શ્રી એવલા મંડન ચિંતામણી પાર્શ્વનાથ સ્તવનમ.

ઉઠોને મેરે આતમરામ પ્રભુમુખ જોવા જઇયેરે. એ રાગ

શ્રી ચિંતામણી પાસજી પ્યારો, ભવ્ય પ્રમોદ દેનારોરે, એ ટેક.
જગત વિભુષણ જગત દયાલુ, જગ ગુરૂ જગ હિતકારીરે.
જગત જીવ પ્રબોધક સ્વામી, જગબંધુ મનોહારીરે. શ્રી. ૧
જગદીપક જગમંડન જીનજી, જગજીવન જગ સ્વામીરે,
જગલોચન મન મોહન પ્રભુજી, જગરંજન શીવ ગામીરે. શ્રી. ૨
જગજન તારક મોહ નિવારક, વારક દુર્ગતિ ફંદરે.
કષાય ચુરક વૈભવ પૂરક, ધારક શીવ સુખ કંદરે. શ્રી. ૩
ચકોર ચંદા ઉદક જેમ મીન, કમલ ભ્રમર ધરે રાગરે,
મુજમન ચાહે પાસ જીણંદજી, શાત્રુવિરામ મહાભાગરે; શ્રી. ૪
સફલ થયો જન્મ પ્રભુ મહારો; હું દર્શન પાયો તમારોરે,
ગુલાબ પાદ સરોરૂહ સેવી; મણિના દોહગ વારોરે, શ્રી. ૫

શ્રી જલગામ મંડન વાસુપૂજ્ય સ્વામી સ્તવનમ્

શ્રી સુપાર્શ્વ જિન વંદીયે એ—રાગ.

શ્રીવાસુપૂજ્ય ભાવે ભેટીયે, કરવા કર્મ સંહાર લલના
ભવ કાનનને છેદવા પામવા શીવ સુખ સાર, લલના શ્રી. ૧
રૂપ કનક મણિ દીપતું, સમવસરણ અતિ ચંગ લલના.
છત્રત્રય વિરાજતું, અશોક શોક કરે ભંગ, લલના શ્રી. ૨
વિશુદ્ધ વર્ણ સુવર્ણનું, પાદપીઠ મનોહાર લલના.
ભામંડલ જલકી રહ્યું, તેજતણો નહિ પાર, લલના શ્રી. ૩
વૈર વિરોધ વિદારીને શાંત કરી નિજ ચિત્ત. લલના
ધર્મ સુણે ભવી પ્રાણિયા, ગ્રહી વિવેકની રિત, લલના શ્રી. ૪
રૂપ અપર્વ દેખન થકી, વિસ્મય પામે પાર. લલના.
વિજય ગુલાબ મણિ તારવા, શાને કરો છો વાર;
લલના શ્રી. ૫

શ્રી પાંચોરા મંડન કલ્યાણિક પાર્શ્વનાથ સ્તવનમ્.

જીરે મહારે શ્રી જિનવર ભગવાન એ રાગ.

જીરે મહારે કલ્યાણિક પ્રભુ પાર્શ્વ, પાંચોરામાં શોભતા. જીરેજી
જીરે મહારે કલિમલ ચુર કરી નાશ, પાપ મેલને ધોવતા. જીરેજી ૧
જીરે મહારે સમાવસ્ત્ર ભગવાન અતિશય રિદ્ધિ ધારતા જીરેજી
જીરે મહારે વિચરે મહીયલ ધામ, ભવ્ય શ્રેણિને તારતા જીરેજી ૨

જીરે મહારે નરદેવ વંદિત પાય, જયાનંદ જગદીશ્વરૂ, જીરેજી
જીરે મહારે સકલ ગુણ નિધાન, પારંગત પરમેશ્વરૂ. જીરેજી ૩
જીરે મહારે ભાગ્યહિણ હું દેવ, સંસાર વેદના વામવા, જીરેજી
જીરે મહારે આવ્યો તુમ દરબાર મહોદય પદવી પામવા, જીરેજી ૪
જીરે મહારે મનમોહન પ્રભુ પાર્શ્વ, મુજમન મંદીરે પધારજો,
જીરેજી.
જીરે મહારે પૂરણ ખુશી ગુલાબ, મણિના દુઃખડા વારજો,
જીરેજી. ૫

શ્રી ખામગામ મંડન શ્રી રિષભ દેવજી સ્તવનમ્.

જગજીવન જગ વાલહો એ રાગ.

રિષભ જિણંદ બીરાજતાં; ખામ ગામ મોઝાર, લાલરે;
કંચન વર્ણ દેહ ધારતા, ગુણ ગણનો નહિ પાર લાલરે,
રષિભ ૧
અંતરાય કર્મના ઉદયથી, વરસ લગે વિણ આહાર, લાલરે,
વિચર્યા દેશ વિદેશમાં, કરવા ભવીક ઉપગાર લાલરે. રિષભ ૨
શ્રેયાંસ ઘર કર્યું પારણું, દાખવા દાન પ્રચાર, લાલરે,
ચિદાનંદ પદ આપીયું, શ્રેયાંસને શ્રીસાર, લાલરે, રિષભ ૩
તુજ દર્શન દુર્લભ લહી, અંત દેવાધિ દેવ, લાલરે,
જન્મ સફલ થયો માહરો; સાખીશ લાહરી સેવ; લાલરે
રિષભ ૪

મુજ મન મંદિરે પધારજો મારૂ દેવીના, નંદ, લાલરે,
ગુલાબ પદકજ પામીને, મણિ કરે આનંદ, લાલરે. રિષભ ૫

સીરપુર મંડન શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથજી સ્તવનમ્.

પરમાત્તમ પૂરણ કલા એ રાગ.

શ્રી અંતરીક્ષ પાસ ભલે ભેટીયા, આણિ ચિત્તમાં હો શુભ ભાવ વિશાલ.
પ્રભુ મનહર મૂર્ત્ત નિહાલીને, સર્વે પાપ સમુહ ગયા વિસરાલ શ્રી. ૧

પાપિષ્ટ શઠ કમઠે કર્યો, ઉપસર્ગ ઘોર પ્રભુજી અપાર,
તપ ધ્યાન ધારા આરૂઢથી, નવી ચલીયા હો સત્વવંત લગાર, શ્રી. ૨

નિખિલ કર્માષ્ટક ક્ષીણ કરી, સાદિ અનંતહો વરીયા ચિદરૂપ,
ઇંદ્ર સુરાસુર ભક્તિથી; રૂડા પદકજ હો સેવે તુજ ભૂપ, શ્રી. ૩

ભવ દાવાનલ જવાલમાં, હું તપીયો હો અનાદિ કાળ,
તુજ મૂર્ત્તિ સુધારસ કુંડમાં, સ્નાન કરીને શાંત થયો હું દયાલ, શ્રી. ૪

કઠીણ કર્મરૂપ પહાડમાં, તુજ શરણ વિના ભમીયો હું ભૂત,
પૂર્ણ પુન્ય ઉદયે આજ તું મીલ્યો, કરય કરવું જે તુજને હોય જુકત, શ્રી. ૫

નિર્ગુણી જાણી તારો નહિ, આદિગુણી હો કહો કોણ કહેવાય
એકાંત સ્થાનમાં જો મીલો, મ્હારા મનની હો વાતો સવી
થાય, શ્રી. ૬
પ્રભુ મન વચ કાયા સ્થિર કરી, ધારૂ ચિત્તમાં હો દેવાધિદેવ,
વિજય મુક્તિ વરવા ભણિ; ગુલાબ મણિ સારે નિજ સેવ,
શ્રી. ૭

આકોલા મંડન શ્રી સાંતિનાથજી સ્તવનમ્.

જીનજી ચંદ્રપ્રભુ અવધારો કે એ રાગ.

સોલમાં શાંતિ જિનેશ્વર દેવકે સુણો મ્હારી વિનતિરે, લોલ
ઉતકૃષ્ટ હર્ષ ધરી મન પ્રણમે, નાકિ વિતતિરે લોલ. ૧
શટન પટન સ્વાભાવિક દેહનો, મોહ નિવારીયોરે લોલ
કરૂણા સિંધું દયા દિલ ધારકે, કપોત ઉગારીયોરે લોલ. ૨
પ્રભુજી તીર્થંકર પદ પાઈ, અનંત સુખ પામીયારે, લોલ.
ઘટમાં અહનીશ ધ્યાયા જેણેકે, તેણે દુઃખ વામીયારે લોલ. ૩
એક વખત મીલો જો નાથકે મનડાની કહુરે લોલ.
ગુહ્ય ગોપક હોય જે પાયકે, પ્રગટ કરૂં સહુરે. લોલ. ૪
જિનજી ભવી પદ્મ પ્રબોધકે, કરવા આવજયોરે લોલ.
વિજય ગુલાબ ચરણ સુપસાયે, મણિ મન ભાવજોરે લોલ. ૫

તેરડારા મંડન શ્રી પદ્મ પ્રભુજી સ્તવનમ્.

પદમ પ્રભુ પ્રાણસે પ્યારા—એ રાગ.

પદમ પ્રભુ નેહુસે ન્યારા, રહો નહિ આજ હો પ્યારા,
કઠીણ બલ કાપવા ધોરી, લહી સેવના અહો તોરી. પદમ ૧
સુધારસ પુરની પ્યાલી, મૂર્ત્તિ મનહર મેં ભાલી,
પ્રફુલ્લિત પદ્મ ચિન્હ ધારી પદ્મ સમ કાંતિ છે ભારી;
પદમ. ૨
ગારવ ધરી મોહમાં વસીયો, કુટિલ કુલટા ફંદે ફસીયો;
પાતિક રસ રંગમાં રસીયો, વિષય આશિવિષ હો ડસીયો,
પદમ. ૩
કરણિ વાંકી પ્રભુ મહારી, વર્ણવતા આવે નહિ પારી;
સન્મુખ નિહાલ એક વારી, થાઉં લઘુ જેમ સંસારી;
પદમ. ૪
પૂરણ ગુણ પ્રભુ ગ્રહણ કરવા, મહોદય પદવી વરવા;
શીવ રમણીના ભરથારા, ગુલાબ મણિ તાર મોહ આરા
પદમ. ૫

બુાનરપુર મંડન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી સ્તવનમ્.

સંભવ જિનવર વિનતિ—એ રાગ.

શ્રીચિંતામણિ પાસજી, ચિંતિત ફલ દાતારરે,
પરમાત્તમ પુરણ પ્રભુ. ત્રિભુવન જન આધારરે, શ્રી. ૧

પુદ્ગલ સંગ નિવારતા, મોહ વિક્ષોભને હરતારે,
ઉત્તમ ભાવના ભાવતા, વૈરાગ્ય રસ મન ધરતારે, શ્રી ૨
આત્મ લક્ષ્મી ગુણે ભર્યા, મગ્ન નિજ સ્વરૂપેરે,
ભેદ ભાવ દૂરે કરી, શુદ્ધ સિદ્ધાંતપ્રરૂપેરે, શ્રી. ૩
દારૂણ કર્મ વિપાક જે, સકલ કર્યા તેં વિનાશરે,
અપરાધિ પણ ઉદ્ધર્યા, ઉધ્ધરી પુરો મહારી આશારે, શ્રી. ૪
સચ્ચિદાનંદ પદવી વર્યા, કામ કષાય ને જીતીરે,
ગુલાબ કૃમકજ સેવતા, મણિની ગઈ ભવભીતીરે. શ્રી. ૫

શ્રી માંડવગઢ મંડન શાંતિનાથજી સ્તવનમ.

રહો રહો ગુરૂ ફાગણ ચોમાસુરે—એ રાગ.

શ્રી શાંતિજિનેશ્વર સ્વામીરે, તમે શીવ રમણીના કામીરે,
મહારા જીવન અંતરજામીરે, હું તો ચરણ તુમારા પામીરે,
શ્રી. ૧
ભવી માંડવગઢ તમે ચાલોરે, પ્રભુ ભેટીને સુખમાં માલોરે,
અશુચી અનાદિની ટાલોરે, કર્મરૂપી રજને ગાલોરે શ્રી. ૨
તીંહાં શાંતિનાથ બીરાજેરે, રૂડી મનહર મૂર્ત્તિ છાજેરે.
ત્રણ ભુવનમાં કીર્ત્તિ ગાજેરે, મેં તો મુખડું નિહાલ્યું આજેરે.
શ્રી. ૩
તહારૂ મનહર ત્રિગડુ સારૂરે, ભવી પ્રાણિને લાગે પ્યારૂરે,
દુઃખ દોહગ કષ્ટ નિવારૂરે, વૈર વિરોધને હણનારૂરે, શ્રી. ૪

હું તો ક્રોધ કષાયે ભરીયોરે, હું તો માન અજગરે ગલીયોરે,
હું તો માયા વલ્લી વિંટાણોરે, હું તો લોભ પાશે બંધાણોરે,
શ્રી. ૫

રાગદ્વેષ કરી કર્યા પાપરે, તેની સંખ્યાનું નાવે માપરે,
ભવ સમુદ્રમાં રૂલીયો હું આપરે, તેથી છોડાવો મુંજ બાપરે,
શ્રી. ૬

હું શરણે આવ્યો પ્રભુ તારોરે, મહારા મોહરિપુને મારોરે,
મહારી કુમતિ કુટિલતા છારોરે, ભય અટવીમાં ફરતી વારોરે, શ્રી. ૭
કરૂણા કર જગ હિતકારીરે, હું તો જાઉ તારી બલીહારીરે,
વિજય ગુલાલને મુક્તિ આલોરે, મણિ વિજયનો હાથ પછી
ઝાલોરે, શ્રી. ૮

શ્રી ઇંદોર મંડન રિષભ દેવજી સ્તવનમ્.

સિદ્ધાચલ વંદોરે નરનારી એ: રાગ.

રિષભ જીણંદ મનોહારી, ભવી તમે સેવોરે દિલધારી એ ટેક.
અલખનિરંજન જ્યોતિ સ્વરૂપી, ત્રિભુવન લોક ઉપગારી, ભવી. ૧
જ્ઞાન કેવલ મહિમા ગુણ નીલો, અતિશય રિધ્ધિ ધારી, ભવી. ૨
ભવ્ય ચકોર ચંદ આલ્હાદકારી, કુમત ધ્વાંત નિવારી, ભવી. ૩
અશરણ તારણ શોક નિવારણ, ભવભય વારણ હારી, ભવી. ૪
ભક્તજનોનો પૂરણ પાલક, ચતુર્ગતિથી ઉધ્ધારી, ભવી. ૫

ચાંદ સુધારસ વાણી વિલાસે, મોહી રહ્યા સુરનરનારી, ભવી. ૬
ગુલાબ મણિ પ્રભુ પંકજ પ્રણમે, લળી લળી વાર હજારી,
ભવી. ૭

શ્રી મક્ષીજી મંડન મક્ષીજી પાર્શ્વનાથ સ્તવનમ્.

રાગ ભરથરી.

શ્રી મક્ષીજી પાસજી જગલોચન દયાલજી,
પૂર્ણાનંદ પૂરણ પ્રભુ ચૂરણ ભવ દુઃખ નાથજી. શ્રી ૧
નિરંજન નિરાકારતા નિર્વિકલ્પ નિરાધારજી,
નિરામય નિર્બંધતા નિસ્સંગી નિર્વિકારજી. શ્રી ૨
મહિમાનિધિ ગુણનીલો ગુણમણિ રયણ ભંડારજી,
મોહ મમત્વ શું ઝુઝીયા માર્યો પુરણ મારજી. શ્રી ૩
સોભાગી સાહેબ સાંભલો નિર્ગુણી દાસ અરદાસજી
તૃષ્ણા ભોગ વિકારમાં ભવોભવ લાગી પ્યાસજી. શ્રી ૪
પરિભ્રમણ કરતાં થકા ચડીયો હીરો હાથજી,
અવસર લહી આ સમે સેવક કર સનાથજી. શ્રી ૫
માલતી મધુકર મોહીયો જેમ સાયરને ચંદજી,
કોકિલ ચાહે આમ્રને રેવા વિંધ્ય ગજ વૃંદજી. શ્રી ૬
તેમ તુજ મૂર્ત્તિ મોહમાં લાગ્યું ચિત્ત અપારજી,
છેડો છોડું નહિ તાહરો ગુલાબ મણિ દિલ ધારજી. શ્રી ૭

ઉજ્જન મંડન અવંતિપાર્શ્વનાથજી સ્તવનમ.

રાગ ભરથરી.

શ્રીઅવંતિ પાસજી અવંતિના શણગારજી,
ઉપશમ રસ સુશીલતા, રત્નત્રયી મનોહારજી. શ્રી ૧
લોકોત્તર પદવી લહી તાર્યા દુર્ગુણી જનજી,
પરમ સુખ ઉપાર્જવા લાગ્યું તુજમાં મુજ મનજી. શ્રી ૨
પારંગત પરમેશ્વરૂ મનહર મૃદુતા ધારજી,
કર્મ કઠોરને પીલવા આવ્યો તુજ દરબારજી. શ્રી ૩
અજ્ઞાનતા મુજ ઉપરે વર્તાવે કાલો કેરજી,
પુર્વભવ અભ્યાસથી અરર વાલે વેરજી. શ્રી ૪
જન્મ મરણું ભય પામીયો રક્ષરક્ષ દેવ દયાલજી,
સારૂ સંસારમાં તુંહીજ છે અવર સબ આલપંપાલજી.
શ્રી ૫
કલ્યાણ કેલી નિકેતનં પ્રભુ પદપુજા સારજી,
મોક્ષમાર્ગની દીપિકા જિષ્ણા તિમિર પ્રહારજી. શ્રી ૬
પ્રસન્ન વદન તુજ દેખીને ઉરમાં હર્ષ નવિ માયજી,
વિજય ગુલાબ સેવા થકી મણિના વાંછિત થાયજી. શ્રી ૭

રતલામ મંડન શ્રી વાસુપૂજ્ય સ્તવનમ.

નદી જમુના કે તીરે ઉડે દોય પંખીયા—એ રાગ.

બારમા શ્રીવાસુપુજ્ય, સુણો મહારી વિનતિ;

અહિંસા નિધિ ભંડાર, મુક્તિ મહિલા પતિ. ૧
નિર્મળ વર્ણ શરીર, સાગર કરૂણા તણો;
નિખિલ આખંડલ વૃંદ, નમે સ્નેહે ઘણો. ૨
ભવ્ય ચકોર વિકાશક, ઉડુ પતિ સુખકરૂં;
કુમત ધ્વાંત વિનાશક, દિનપ તે મનહરૂં. ૩
કર્મતરૂવલ્લી કુઠાર, કંદર્પે હરી કેસરી.
ભવ સિંધુ પરપાર, ઉત્તારણ શુભતરી. ૪
શમદમ આર્જવ માર્દવ, ગુણે અલંકર્યા;
પુરણ જ્ઞાન તતિ ધાર, પરમ પદવી વર્યા. ૫
શ્રેયઃ શ્રી રસ સ્વાદ, મધુરતા આપજ્યો;
વિજય ગુલાબ ફૂમ સેવી મણિ કષ્ટ કાપજ્યો. ૬

સેમરીયા મંડન શ્રી શાંતિનાથજી સ્તવનમ.

શ્રી શાંતિ જિનેશ્વર સાહેબા—એ રાગ.

શ્રીસાંતિ જિનેશ્વર શોભતા, સેમરીયા નગર મોઝાર;
ચિત્ત આણી ઉલટ અતિ ઘણો, હર્ષે પ્રણમે નરનાર. શ્રી ૧
આહા મૂર્તિ મહાત્મનો, હારિણી શુદ્ધ શમતા રસ ભંડાર;
મિથ્યાત્વ તિમિર નિવારિણી, વૈભવ વિવિધ દાતાર. શ્રી ૨
પ્રભુ તહારે ને મ્હારે પ્રીતડી, તે નં ગણી કેમ લગાર;
મને ભવ સાગરમાં બુડતો, દયાસિંધુ પાર ઉતાર. શ્રી ૩

મુજ પુઠે ફરે ચ્યાર ચોરટા, ઠરી બેસવા નહિ દે ઠામ;
જો સહાય થાઓ કૃપા કરી. હણવા ધરૂં તસ હું હામ.
શ્રી ૪

જે પ્રીતિ સહિત દર્શન કરે, તે પામે દર્શન શુદ્ધિ;
ભાંગે ભાવઠ ભવભય તણી, નિર્મલ કરે નિજ બુદ્ધિ. શ્રી ૫
હું ત્રિકરણ શુદ્ધિથી વિનવું, શ્રી શાંતિ જિણંદ દિણંદ;
મુજ ઘટ ભુવને પધારીયે, માતા અચિરા દેવીના નંદ.
શ્રી ૬

અશરણ શરણે હું આવીયો, ભવોદધિ તારણ જહાજ;
શ્રી વિજય ગુલાબ પ્રસાદથી, મણિ મનોરથ ફલીયા આજ.
શ્રી ૭

શ્રી બિભડોજમંડન રિષભ દેવજી સ્તવનમ્.

જગજીવન જગવાલ હો—એ રાગ.

રિષભ જિણંદ જુહારીયે, બીભડોજ નગર મોઝાર; લાલરે.
સુખશાંતિ મિલે ઘણી, નિરખી બિંબ ઓસાર. લાલરે.
રિષભ ૧

અમૃતરસની કુંપિકા મૂર્ત્તિ, સુંદર જલકાર લાલરે;
દર્શન કરી જગ જીવડા, પામે ભવાર્ણવ પાર. લાલરે.
રિષભ ૨

પ્રસન્ન વદન નિહાલતાં, ભવીમન હર્ષ નવિમાય લાલરે.

દુરિત દોષ સવી ક્ષય હુવે, શીઘ્ર શીવ સુખ થાય; લાલરે.
રિષભ ૩
ભવ્ય ઉદ્ધારણ કારણે, વિચર્યા દેશ વિદેશ લાલરે.
કરૂણાકર કરૂણા ધરી, ગુણીજન તાર્યા વિશેષ લાલરે.
રિષભ ૪
પુન્ય પ્રબલ પ્રગટાવવા, પામવા મુક્તિનું રાજ; લાલરે
ગુલાબ પદ સેવક મણિ કરશે, સફલ નિજ કાજ લાલરે.
રિષભ ૫

કરમદી મંડન શ્રી રિષભ દેવજી સ્તવનમ્.

ભુલ્યો મન ભમરા તું કયાં ભમ્યો—એ રાગ.

આજ આણંદ મન ઉલ્લસ્યો, વિઘટયો મોહ અપાર;
નગર કરમદી નિરખીયો, રિષભ જિણંદ મનોહાર.
આજ. ૧
દર્શના વરણી ક્ષય થયા, જાગ્યા પુન્ય અંકુર;
પાતિક ગલીયા ભવતણા, દેખત પ્રભુજીનું નૂર;
મૈત્રી પ્રમોદ કારૂણ્યતા, મધ્યસ્થ વૃત્તિ ધાર;
શીવરમણીના નાહલા. જગતમાં તું એક સાર. આજ ૩
આધિ વ્યાધિ ઉપાધિનો હર્તા, દેવ દયાલ;
રોક શોગ ભય દુષ્ટતા, મોહ કાટન ઉજમાલ. આજ ૪
કર્મદલ નિવારવા, સાધવા આત્તમ કાજ;
વિજય ગુલાબનો સેવકો, મણિ માગે શીવરાજ. આજ ૫

શ્રી સંખેશ્વર મંડનશ્રી સંખેશ્વર પાર્શ્વનાથજી સ્તવનમ.

રાગ ભરથરી.

શ્રી સંખેશ્વર પાસજી, વિનવું વારંવારજી;
દુઃખ દૌર્ભાગ્ય નિવારવા, મુજ મન મંદિરે પધારજી. શ્રી ૧
ચમતકાર શીરોમણિ દીસે, નિર્મલ દેહજી;
પાતિક ન રહે પ્રણમતાં, શોક સંતાપ જાય છેહજી. શ્રી ૨
ભયંકર ભવ અટવીમાં, સાર્થવાહ સુજાણજી;
ભવસાયરમાં બુડતા, ભવ્ય તારણ વહાણજી. શ્રી ૩
જરા જર્જરી વ્યાપતા, ચાહવે આકુલ થાયજી,
જ્ઞાનવારી તુજ છાંટતાં, મુકુંદ મન હર્ષ નવિ માયજી. શ્રી ૫
પુદ્ગલ સંગ નિવારીને, નિજરૂપ સત્તા ધારજી;
શુદ્ધ સ્વરૂપી દેવ તું, ભવી ચકોર ચંદ સારજી. શ્રી ૫
તુજ સરીખા તુજ અનેક છે, મહારે મન તું એકજી,
તુજ વિણુ અવર માનુ નહિ, એ મુજ મોટી ટેકજી. શ્રી ૬
દૂર દેશથી આવીયો, દેખવા તુંજ દેદારજી,
ભવ ભય કાપી દાસના, ગુલાબ મણિને તારજી. શ્રી. ૭

શ્રી વઢવાણુ કાંપ મંડન વાસુપુજ્ય સ્વામી સ્તવનમ.

પદમ પ્રભુ પ્રાણસે પ્યારા. એ રાગ.

પ્રણમું પ્રેમે વાસુપૂજ્ય દેવા, આપો શીવ સુખના મેવા;
જગતગુરૂ જગ હિતકારી પરમ પદ ધાર ઉપગારી. પ્રણમું ૧

મૂર્તી કલ્પ વેલડી તારી, ભવીક જન મન સુખકારી.
રંજન રસીયા બલિહારી, લળી લળી જાઉં હું વારી. પ્રણમુ ૨
ભવપારાવારમાં રાચ્યો, વિનાથી જંજાલ બહુ જાચ્યો,
મોહ મદિરા મદે વસીયો, કુમતિ કુલટા ફંદે ફસીયો.
પ્રણમુ ૩
પરભાવ લાલસા લાગી, વિષયા વેશમાં મતિ જાગી;
વિનય પરિણામતા દૂર ગઇ, અહહ મહારી દશા શી થઇ.
પ્રણમુ ૪
આર્ત્તધ્યાન વાસના હરદમ, નર્ક યોનિયુ જવાની ગમ;
મૂરખ મહા હું અહો ભારી, હહા બહુ કેમ ભવ ધારી. પ્રણમુ ૫
તારક વાસુપૂજ્યજી સ્વામી, મીલ્યો પ્રભુજને અંતર જામી;
દયાલુ દિલમાં દયા આણી, કઠીણ કર્મની કરો હાણી;
પ્રણમુ ૬
સકલ સંસાર ભય ભેદ, ગુલાબનો કર તું છેદ;
વિહિત શમરસ સુધાપાન, મણિ ધરે નિત્ય તુજ ધ્યાન.
પ્રણમુ ૭

શ્રી સિદ્ધાચલજીના સ્તવનો.

૧

રિષભ જિણંદ વિમલગિરિ મંડન, પ્રાણજીવંન પ્રભુ પ્યારા;
કંચન વર્ણ સમાન કાયા તુજ, વૃષભ લંછન ધારા. રિષભ ૧

નાથ નિરંજન ખંજન અંજન, મદન ભંજન મોહમારા;
દુરિત નિકંદન જગત આનંદન, ત્રિભુવન લોક આધારા,
રિષભ ૨

ચિંતાચૂરક ચિંતિત પૂરક ભવભય દુઃખ નિવારા;
શીવ સુખ સાધક કર્મ વિબાધક, પ્રાપક ભવજલ પારા.
રિષભ ૩

રાગ વિદારણ દ્વેષ કદારણ, જગજન તારણ હારા;
ગારવ વારણ કર્મ નિવારણ, અનંત ગુણગણ ધારા.
રિષભ ૪

પુંડરિક ગણધર એ ગિરિવરનું, ધ્યાન ધરે મનોહારા;
નિખિલ કર્માષ્ટક ક્ષીણ કરી, હુવા શીવ રમણી ભરથારા.
રિષભ ૫

કેશર ચંદને પુજા કીજે, બરાસે અંગ ચરચીજે;
ભાવે નાટારંભ કરીજે, તો સંપત્તિ સવી સીજે. રિષભ ૬
દિલ રંજન દર્શન અબદીજે, શાંત સુધારસ ખાણી;
વિજય ગુલાબ પદ પ્રેમે સેવી, મણિ લેશે શીવરાણી.
રિષભ ૭

૨

ભુલ્યો મન ભમરા તું કયાં ભમ્યો—એ રાગ,

સિદ્ધગિરિ ઇશ વિભુ તારજ્યો, પ્રથમ જિણંદ દયાલ;
જન્મ જરા નિવારજ્યો, મૃત્યુ કાપો કૃપાલ. સિદ્ધ ૧

રડવડતો મુજને મૂકી દુઃખ દાવાનલ જાલ;
વિમલા કમલા તું વર્યો, કર સેવકની સંભાલ. સિદ્ધ ૨
ચ્યાર ચોરના પાસમાં, ફસીયો અપરંપાર;
ગારવ ત્રય મગ્ન થઇ, ન ગણી શરમ લગાર સિદ્ધ ૩
ભય ભય ભાવડ ભાંગવા, ચુરવા વિષય કષાય;
આવ્યો તુમ શરણે સહી, ઉદ્ધાર કરો મહારાય. સિદ્ધ ૪
આંગણ કલ્પતરૂ ફલ્યો. અમૃત વરસ્યા; મેહ;
નિર્મલ થઇ મહારી આંખડી, પામ્યો ગુણ ગણ ગેહ.
સિદ્ધ ૫
ભાગ્ય ઉદયે પ્રભુ તું મીલ્યો, કેવલ જ્ઞાન અકુપાર
કલિમલ કુર દૂરે કરી, આવાગમન નિવાર સિદ્ધ ૬
શ્રી સિદ્ધગિરિ ભેટતાં, વિકટ સંકટ ટલે કોડ;
વિજય ગુલાબનો સેવકો, મણિ નમે કરજોડ. સિદ્ધ ૭

૩

જગજીવન જગ વાલ હો—એ રાગ,

સિદ્ધગિરિ સાહેબ ગુણનીલો, સ્વામી રિષભ જિણંદ લાલરે.
દર્શનથી સુખ સંપજે, પ્રગટે પરમાણંદ લાલરે. રિષભ ૧
ગુણઅનંતા અનંત ભર્યા, સિદ્ધ અનંતનું ઠામ લાલરે
પુજો સેવો સ્તવના કરો, જો હોય મુક્તિનું કામરે. લાલરે.
સિદ્ધ ૨

રત્નત્રયી ઉજવલ અહી, પાપ પટલ કર્યા છેહ લાલરે.
નિરૂપાધિક પદવી લહી, અજર અમર કરી કેડુ લાલરે.
સિદ્ધ ૩

રામ ભરત ત્રણુ કોટીશું, પચકોટી પુંડરીક લાલરે.
વીશ કોટીશું પાંડવા, એ ગિરિ થયા નિર્ભિક લાલરે.
સિદ્ધ. ૪

નમિ વિનમિ વિદ્યાધરા, બે કોટી મુનિ સાથ લાલરે.
કર્મ સંચય સવી ટાલીને, જાલ્યો શીવ વધુ હાથ લાલરે.
સિદ્ધ ૫

એમ અનંત મુકિત ગયા, ગુણ ગણ મણિની ખાણ લાલરે.
સિદ્ધગિરિ જે સમરે સદા, તસ થાય કર્મની હાણ લાલરે
સિદ્ધ ૬

અષ્ટ કર્મદલ ચુરવા, છેદવા સકલ સંસાર લાલરે
વિજય ગુલાબના દાસની, મણિની કર હવે સાર લાલરે.
સિદ્ધ. ૭

इति संपूर्णम.